દિવ્ય ભાસ્કર

સુરત-સિટી ભાસ્કર 26-09-2025

# 'શોલે' ફિલ્મનું પ્રીમિયર સિડનીના ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલમાં યોજાશે

જ્યારે પણ બોલીવૂડની સુપરહિટ 'શોલે' ફિલ્મનો ઉલ્લેખ કરવામાં આવે છે, ત્યારે દર્શકો ઉત્સાહથી ભરાઈ જાય છે. ફિલ્મની વાર્તા અને ડાયલોગ લોકોના મનમાં છવાયેલા રહે છે. હવે, ફિલ્મ અંગે એક નવી અપડેટ સામે આવી છે. 'શોલે' ફિલ્મનું પ્રીમિયર સિડનીના ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલમાં યોજાશે. ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન અને સિપ્પી ફિલ્મ્સ દ્વારા 'શોલે' ફિલ્મને 4K ગુણવત્તામાં પુનઃસ્થાપિત કરવામાં આવી છે. આ પ્રક્રિયામાં લંડનમાં દુર્લભ રંગીન પ્રિન્ટ શોધવા, મુંબઈના વેરહાઉસમાંથી કેમેરા નેગેટિવ મેળવવા અને ખોવાયેલા સીન પુનઃપ્રાપ્ત કરવાનો સમાવેશ થતો હતો. પરિણામે, ફિલ્મના વિઝ્યુઅલ્સ અને ઑડિયોને નવી ચમક આપવામાં આવી છે. મુખ્ય હાઈલાઈટ ફિલ્મનો મૂળ અંત હશે જે, ડિરેક્ટર રમેશ સિપ્પી દ્વારા કલ્પના કરવામાં આવ્યો હતો. જેમાં ઠાકુર ગબ્બર સિંહને તેના પરિવારનો

**'શોલે' ફિલ્મ રમેશ સિપ્પી દ્વારા ડિરેક્ટ કરવામાં આવેલ એક એક્શન-એડવેન્ચર ફિલ્મ છે.**

બદલો લેવા માટે મારી નાખે છે. પુનઃસ્થાપિત સંસ્કરણનું સપ્ટેમ્બરની શરૂઆતમાં ટોરોન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં વર્લ્ડ પ્રીમિયર થયું હતું અને હવે તે સિડનીમાં પ્રદર્શિત કરવામાં આવશે. ફેસ્ટિવલના ડિરેક્ટર મીતુ ભૌમિક લેંગે જણાવ્યું હતું કે, 'શોલે' માત્ર એક ફિલ્મ નથી, પરંતુ ભારતીય વાર્તાઓ અને યાદોનો એક ભાગ છે. તેનો મૂળ અંત દર્શાવવો એ ફિલ્મના પ્રોડ્યુસરના વિઝનને શ્રદ્ધાંજલિ છે. તેની 50મી વર્ષગાંઠ પર, તે સિનેમાની શક્તિ અને તેના કાયમી વારસાને સેલિબ્રેટ કરે છે.' 'શોલે' એક એક્શન-એડવેન્ચર ફિલ્મ છે.

